શ્રી.

શ્રી સહેજાનંદાય નમઃ

સદ્ગુણી સવિતા.

અને

છુટક કાવ્યો.

દોહરો.

પીંગળ પાઠ પઢયો નથી, વળી વ્યાકરણનો સાર,
આશા એક છે હરી પરે, જે છે દીનદયાળ;
ગુરૂ ભક્તિ હરી સ્મરણથી, રાખી દીલ મુજ સાફ,
વાંચક જનો આ બાળની, ભુલ ચુક કરજો માફ.

અમદાવાદમાં ઘીકાંટે શા. સોમચંદ કેશવલાલે
પોતાના શ્રી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ
પ્રેસમાં છાપ્યા.

કીંમત રૂ. ૦-૩

શ્રી.

સહેજાનંદાય નમઃ

હરીગીત.

શંભુ સુતનું ધ્યાન ધરી ગણપતીને પાયે પડું,
શુભ કામ કરવા કારણે મમશીશ તમ ચરણે ધરૂં.
વિદ્યા દેવી સરસ્વતી મમ માત તમ ચરણે નમું,
સઉ દેવતાને આ સમે એક હાથ જોડી વીનવું.

સદ્‌ગુણી સાવિતા.

અને

છુટક કાવ્યો.

રચી પ્રસિદ્ધ કર્તા.

ચમનલાલ મણીલાલ સ્વામીનારાયણ.

રાયપુર હવેલીની પોળ-અમદાવાદ.

સંવત. ૧૯૭૨ પ્રત ૧૦૦૦ ઇ. સ. ૧૯૧૫

કિં. રૂ. ૦-૩-૦

અર્પણ પત્રીકા.

મારા સ્વર્ગવાસી કાકાશ્રી

કેશવલાલ હરીભાઈ સ્વામીનારાયણની પવિત્ર સેવામાં:—

આપ બાલ્યાવસ્થાથી મારા ઉપર ભ્રાતુ સમ પ્રેમ
દર્શાવી મારી ઉન્નતી માટે અનેક ઉપકારો કરેલા
છે, તે ઉપકારો મારા અંતઃકરણમાં હો-
વાથી આપની પ્રેમાળ વૃત્તી ત-
રફ દોરાઇને આ લઘુ પુ-
સ્તક આપના સ્મરણાર્થે
આપને અર્પણ
કરૂં છું.

લી. આપનો સદાનો આભારી.

ચમનલાલ મણીલાલ સ્વામીનારાયણ.

ઇશ્વર સ્તુતિ.

હરિગીત.

ઓ ઇશ તું જગદીશ, મારી વીનતી ઉરમાં ધરો;
મમ સ્વર્ગવાસી કાકાશ્રીના, આત્માને શાંતી દીઓ.
આ બાળ તો ચરણે પડી, તુજ પાસ તો માગી લીએ;
મમ કાકાશ્રીના આત્માને, શાન્તી સદા તું આપજે.
સઉકો અમે રમતાં હતાં, જમતાં હતા રે સાથમાં;
હે હરિ તેં હરી લીધો, હીરો નથી અમ હાથમાં.
ગુલ્લાલા સમ છોરૂઓ, તજી વાટીકારે ઘર તણી;
છોડી અને ચાલી ગયા, વાટીકાને ઉજડ કરી;
સંબંધ સાંધ્યો તો અરે, કંઈ પૂર્વના સંસ્કારથી;
મેળાપ આપનો નવ થયો, કંઇ કાળ ચક્ર ક્રુરથી.
એ ચક્ર આવીને પડયું, તમ શીર પરે અણધારીયું;
સઉ શુધનેરે સાન ભુલ્યાં, કર્મે લખાયું તે થયું.
રાખી ધરા પર માત તું, પ્રભુ દુખમાં નાંખી ગયો:
આ અલ્પ બુદ્ધી બાળની, વિનંતી ઉરમાં ધારજે.
આ સ્વપ્ન મય સંસારને, છોડી તમે ચાલ્યા ગયા;
ભ્રાતા ભગિની સઉ તજી, સંસારને છોડી ગયા.
મેળાપ સઉ સંબંધીઓને, આપનો રે ના થયો;
કેશવ કેશવના આત્માને, શાંતી પ્રભુજી રે દીયો.

સ્વપ્નું.

ગઝલ.

ઘડીકમાં રંકને રાજા, ઘડીકમાં સુખીને દુખો;
સઉ દેખાય છે ઉલટું, જુઓ જ્યારે તમે સ્વપ્નું.
પરણે વાંઢા કન્યાઓ, ગરીબો મહેલમાં રહેતા;
અરે કંઇ શેઠ શ્રીમંતો, સ્વપ્નમાં દુખને જોતા.
સુતેલા કોચ શય્યામાં, સુતેલા તે જમીન જાણો;
સ્વપ્નમાં મોતને તાબે, થયા યોદ્ધાઓ પરમાણો.
મુકી અભીમાન માનવીઓ, ગરીબાઇ સ્વપ્નમાં જોતા;
બીવા ના કોઇનાથી જે, દીઠા તે સ્વપ્નમાં રડતા
પુત્રવંતી થઇ વંઝા, અરે સ્વપ્ના વિષે ભાઇ;
ખરેખર જન્મથી અંધા, શકે છે આંખથી જોઇ.
અરે એ સ્વપ્નો રાત્રીના, સદા જુઠાંજ જેવાં છે;
સ્વપ્ના જેવી દુનીઆના, સદા કામોજ તેવાં છે.
કુસંગે જો ચઢે છે તો, જુએ રાત્રી તણું સ્વપ્નું;
અરે સત્ સંગ ભક્તિથી, સદા સાચું ફળે સ્વપ્નું.

સૂર્ય ઉદય.

મંદાક્રાંતા.

શોભા સારી નયને નીરખી, સ્વર્ગ કરતાં અધીકી;
પ્રાતઃકાળે સુરજ ઉદયે, આભ માંહી નીહાળી.
આવ્યો ભાનુ નીજ રથ લઇ, ધુળ ઉડી જણાએ;
પક્ષી ગાતાં વન વિચરતાં, હર્ષ ઉરે ન માએ.
ભાનુદાસે નભ મહી રૂડી, જાજમોને બીછાવી:
સોના કેરી અનુપમ ધજા, હર્ષથી મુકી લાવી.
આવ્યા ભાનુ ઝડપ દઇને, સૈન્યને સાથ લાવ્યા;
ટાળી તીમીર જલદી જગનું, શુભ રશ્મી ચલાવ્યાં.
ગાયો ભેંસો હરખીત થતી, માલીકો બંધ ખોલે:
ઘંટી કેરા શબ્દ સુણીને, બાંગ મુલ્લાંજ બોલે.
દીવા જ્યોતો ડગમગ થતી, ચોર સંતાઇ જાએ;
જોઈ મોટાં કુમુદ જળમાં, ઘુડ સંતાઇ જાએ.
સોની સોનું પ્રબળ થઇને, હોંશથી સૌ ઘડે છે;
નારી સારી પવીતર થઇને, સેવ સ્વામી કરે છે.
ગંગા તીરે સ્નાન કરીને, બેડું ધરી યુવતી ચાલે;
ધાર્મીક લોકો દેવળે જઇ, હોંશથી ઘંટ વગાડે.
કુકડા વહાણે કુકરે કરતા, કાગ કાકાજ બોલે;
વિદ્યાર્થીઓ સાદ સૂણીને, પાઠ પોતાના ગોખે.

સદ્ગુણી સવિતા.

કુદરતની લીલા અકળીત નીહાળા
સંધ્યા સમય એક તરૂણી મેં ભાળી
ઉમર કાચી રૂપમાં રૂપાળી
છુટા કેશે દોડતી તે નીહાળી
પાછળ સહુ છોકરાં હે હે બોલે
કોઈ નથી જગમાં એના તોલે
વાયે ઉડે છે નીજ કેશ કાળા
શરમાય છે તે મનથીજ બાળા
માથે ઝડી વરસાદની પડતી
દોડતી બાળા ઠોકર ખાતી
દેખી દયા સૌ જનનેજ આવે
દુર્જન સહુ કો હાંસી કરાવે
એવે દયા કોઇ જનનેજ આવી
પ્રેમે તેને નીજ પાસે બોલાવી
છોકરાં સર્વને મુકયાંજ કાઢી
બોલાવી બાળા ઓટે બેસાડી
પુછી પછી દુખ તણીજ કહાણી
છાની રહો બેન સતી શુદ્ધ શાણી

માથે પડે વરસાદની ધારા
શું દુખછે સત્ય કહોને બાળા
ધર્મ તણો ભાઇ મુજનેજ ધારો
તું બેન મારી હું ભાઈ તારો
કહો નામને તાત તણું ઠેકાણું
વળી ગામનું નામ જાણવા માગું
કહો આપ આ ગામમાં ક્યાં રહો છો
દુખી હાલતે આપ શાને ફરોછો
વદો સત્ય વાણી ડરોના કદાપી
પ્રભુ મુજ માથે દયા આવે તારી
કહું સત્ય વાણી હરી ગુણ ગાઉ
પડ્યો પા'ણ જાણો બચન જો ન પાળું

વૈદર્ભી વનમાં વલવલે એ રાગ.

વળતી સવિતા વાણી વદે, સાંભળો ધર્મના ભાઈ;
દુખ મુજ ઉપર પડ્યું, તેની સીમા ના રહી. વળતી.
રાજનગર પીઅર માહરૂં, તાત મુસદ્દી કહેવાય;
સૂર્ય પુરે મુજ સાસરૂં, નગરશેઠ પતી થાય. વળતી.
માતા મરી મારાં ગયાં, તાત પરણ્યા છે નાર;
ભાઇ ભાંડુ મારે નથી, માથે દુખ અપાર. વળતી.

ન્યાત બ્રાહ્મણુની છે માહરી, સહુમાં ઉંચી ગણાય;
કન્યા વિક્રયને લીધે, પાયમાલ તે થાય. વળતી.
વર્ષ બારની હું હતી, તાતે કર્યો વીચાર;
પુત્રી વળાવી માહરી, થાવું પૈસાદાર. વળતી.
માતા મારી માને નહી, તાત ક્રોધે થાય;
ઝેર આપી મુજ માતના, તાતે લીધા પ્રાણ. વળતી.
સોળ વરસ મુજને થયા, પડી તાતને ફાળ;
એવામાં અમનાતના, શેઠની ગુજરી નાર. વળતી.
સબંધનીજ સાથ સાધીયો, લીધા દશ હજાર;
પણ દીકરી વેચીયને, નવ પામ્યા સાર; વળતી.
તાતે મુને પરણાવીને, દીધું કન્યાદાન;
નવીના સંગે પોતે ચઢી, ભુલ્યા શુદ્ધને સાન. વળતી.
કન્યાધન લીધું તાતજી, શાસ્ત્રે પાપ ગણાય;
ભાઈ મારો સ્વર્ગે ગયો, એવું ધન એ મનાય. વળતી.
વળી આગ લાગી ઘર વીશે, બચ્યા એકલા તાત;
ચોર સહુ ચોરી ગયા, નથી ખાવાને ભાત. વળતી.
શેઠને વરસતો સાઠ છે, દુર્ગુણનો છે ભંડાર;
નીજ ઘરની વીશે કદી, રહે નહી સતી નાર. વળતી.
ધર્મનો ભાઇ જે હતો, મીત્ર શેઠનો થાય;
સવીતાને સમજાવીને, આપ્યો દીલાસો ત્યાંય. ધર્મનો ભાઈ વાણીવદે
એની સૂણો વાત માહરી, મીત્ર માહરો તે થાય;
કુસંગની સંગે ચઢયા, તેથી આવું ના ત્યાંય. ધર્મનો.

ભાઇ રજા મુજને દીઓ, કરૂં દેહનો ત્યાગ;
કાતો ધરીને ભેખ હું, સમરૂં જગનાથ. વળતી.
સાહસ કામ કરો નહી, સુખે જાઓને ઘેર:
ઉપાય સુધારવા તણા, લેજો રૂડી પેર. ધર્મનો.
ઉપાય શી રીતે લઉં, મારે મુજને માર;
આજ પડયો મુજને ઘણો, ત્યારે આવી બહાર. વળતી.
મીત્ર હતો એક શેઠનો, રહેતો પાડોશની માંય;
તેને બોલાવીને કહ્યું, કામ કરવાનું આજ. ધર્મનો.
બેન તમારી આ ઉભી. તમે તેહના ભાઇ;
શેઠે મારી કાઢી મુકી, મુજને સુઝે ન કાંઇ. ધર્મનો.
સતી સુલક્ષણી એહછે, નથી એનો વાંક;
મીત્ર આપણા શેઠથી, વળ્યો આડો આંક. ધર્મનો.
પાડોશી મિત્ર જે હતો, થયો જાવા તૈયાર;
બેન મારી મુકી આવું હું, શેઠ ઘરની મોઝાર. શેઠનો મીત્ર વાણીવદે.
શેઠને સમજાવીશું, તેનો ન કરો વીચાર.
સદ્‌ગુણી સતી એહછે, તેનો કર્યોરે વીચાર. શેઠનો મીત્ર.
સાથે લઈ બેન સવીતા, ગયો શેઠને ઘેર;
વાત કરી સમજાવીને, મુકી બેનને ઘેર. શેઠનો મીત્ર.
વળતી શેઠજીને કહ્યું, આ છે તમારી નાર;
પરણ્યા સઉના દેખતાં, થયા છો ભરથાર. શેઠનો મીત્ર.
કહ્યું માનો તે મે તેહનું માને તમારૂં તેહ;
રોશ કદી ના લાવશો, તજજો મનના ભેદ. શેઠનો મીત્ર.

આ રીતથી મીત્ર શેઠનો, મુકી આવ્યો એન:
કુસંગમાં પોતે ચઢયો, તેથી થયો સચેત. શેઠનો મીત્ર.

હરીગીત.

નવ શેઠજી વાણી વધ્યા, કહું મીત્રની હું વાતરે;
લાલ, લોફરને વળી કહું, શોખીનોની જાતરે.
કોઈ મીત્ર થાએ હકથી, કોઇ સારે રસ્તે દોરવા;
કોઇ પૈસા ખાવાને કરે, કોઇ કોઇને ભંભેરવા.
કોઇને પૈસાના લોભથી, કોઇને ફસાવે રાંડમાં;
કોઇ કોઇને પ્રેમ માટે, ઉછેરે છે લાડમાં.
ખરા મીત્રો મળવા નથી, મળેજ તો ટકે નહી;
કારણ તે તોડાવવા, ઘણા પ્રયત્ન કરે સહી.
મીત્રજ માન્યા મનથી, સોંપ્યું પોતાનું તનરે;
મન ધન સર્વે સોંપીયું, જ્યાં ખુલ્લુ રાખી મનરે.
પૈસા ખાવાનેજ કાજે, મીત્રતા કરનારને;
એવાજ મીત્રોને અરે, લાખો વાર ધીક્કાર છે.
પૈસા જ્યાં સુધી મળે, મૈત્રી રાખે ત્યાં સુધી;
તેવાજ મીત્રોની અરે કહું, જાણજો બગડી બુધી.
સ્ત્રીઓ તણી લાલચથી જે, મૈત્રી કરવા જાય છે;
એવાજ મીત્રોનો અરે, નરક માંહી વાસજ થાય છે.
મૈત્રી તણા તો હકથી, બંધાય તે છૂટે નહીં;

કદી મીત્ર છોડી જાય પણ, તે તો કદી ચાલે નહી.
જે મોઢે ચાખ્યાં પાન કદી ના, કોયલા ચવરાવવા;
ગમે તે આવેને ભલે, લાખો વાર ભંભેરવા.
મીત્રના હક કહું એવોજ, જે મીત્રો ધરે;
તે મીત્ર આખરમાં અરે કહું, સ્વર્ગના દર્શન કરે.
સૌ સાંભળો વિવેકીઓ, વળી સુધરેલા દેશના;
મીત્રો મળશે નવનવા, વળી જુદા જુદા વેશના.
લુગડાં તણો તો ઠાઠ, કોલરટાઇને બાંધી ઘણા;
વળી વાળ ઓળી લાકડીથી, ભોળવે છે જન ઘણા.
ચસ્મા અને વળી સાયકલથી, લાલ થઇ તેઓ ફરે;
પેટલુનને વળી હાફકોટે, સઉ જનોના મન હરે.
ભોળા અરે ફસાય છે, તે પાપીઓના પાસમાં;
પૈસે ટકે ખુવાર થઇ, લાશ થાય છે આ જગતમાં.
વળી મીત્ર મારા સાંભળો, છોડો નહી કદી ટેકરે;
સ્વાર્થી મીત્રો છે બધે, બીન સ્વાર્થી લાખે એકરે.
આ સાંભળીને વાતરે, મીત્ર ફર્યો પાછો અરે;
આવી કહી નીજ મીત્રને, કંઇ શેઠ સુધર્યા છે ખરે.
આ રીતથી સવિતા અરે, આવી રહી ઘરની વીશે;
સુખના દીવસ સઉ આવીયા, દુખ તો હવે નારે દીસે.
પણ શેઠ વ્યસની તો રહ્યા, સવિતા બળે મનની વીશે;
સુધારવા નીજ નાથને, ઉપાય તેને નવ સુઝે.
એક દીવસને કારણે, શેઠ આનંદમાં હતા;

સવીતાની સાથે પ્રેમથી, વીનોદ તો કરતા હતા.
જોઈ વખત સવિતા વદી, પ્રાણેશ વીનતી સાંભળો;
નથી શીખ દેવા લાયક પણ, શબ્દો ઉરમાં ધારજો.
લાગે નહી કંઇ રીશ તો હું, આપની આગળ કહું;
નહી તો કંઇ કીધા વીના, હું છાનીમાની બેસી રહું.
વળતી શેઠ વાણી વધ્યા, શાને તમે અચકાવછો;
મારૂં કદી લાગે નહી, મમ રદય રમણીરે કહો.

સાંભળજો સજ્જન નર નારી.

પ્રભુ હાથ જ્યારે મારો ઝાલ્યો, ચોરી કેરી માંયજી;
ગોર શબ્દો પ્રીતિથી બોલ્યા, સમય વર્તે સાવધાનરે. વીનંતી ઉર ધરજોજી
હવે તમને આ કન્યા સોંપી, પાલન તેનું કરજોજી;
તમે ખાશો તે તે ખાશે, સુખ દુખે ભાગી થાશેરે. વીનંતી.
સરખી સૈયરો મારી મળીને, હાંસી કરે છે મારીજી;
જો આવી ન્યાત કેરી શેઠાણી, વ્યસની શેઠની નારીરે. વીનંતી.
મહેણું આવાં ખાવા મારે, તે સહન કેમ થાયજી;
રોજનું લાગ્યું ભવનું ભાગ્યું, માટે કરોને ઉપાયરે. વીનંતી.
પુંડળીક પડયો ચંપાની સાથે, વીજ્યા તજીને નારીજી;
પણ વીજ્યા સતીએ મુકાવ્યો, પતી તણો વ્યભીચારરે. વીનંતી.
માટે મારૂં કાંઈ સૂણીને, વ્યસન વ્યભીચાર મુકોજી;

કોઈ સદગુણી મીત્ર કરીને, વ્યસની સઘળા છોડોરે. વીનંતી.
આ સાંભળતાં શેઠના મનમાં, વીચાર ઉઠયો એકજી;
મીત્ર સદગુણી મારો બોલાવું, છોડી મારો ટેકરે. શેઠ વાણી વદીયાજી.
એમ કહી નોકર બોલાવ્યો, મીત્ર તેડવા કાજજી;
મીત્ર ગુણવંત મારો જે છે, બોલાવો તેને આજરે. શેઠ.
નોકર ત્યાંથી સીધો ચાલ્યો, ગુણવંત કેરે ધામજી;
ચાલો આપને શેઠ બોલાવે, પડયું તમારૂં કામરે. નોકર.
શેઠે આજે મુજને બોલાવ્યો, સમય કંઈ બદલાયોજી;
મીત્ર પાડોસી પોતે તેડી, શેઠને ઘેર તે આવ્યોરે. ધર્મનો.
બેઉ જણા આવીને ઉભા, શેઠજી કેરા ધામજી;
આદરમાન શેઠે આપી, પૂછયું કુશળ ક્ષેમરે. શેઠ વાણી.
કુસંગની સંગે ચઢયો તો, તમને છોડી હુંયજી;
ફરજ તમે મીત્રની સારી, શુભ તમારૂં થાયરે. શેઠ વાણી.
બંને મીત્રો વાણી વદીયા, સતી સવિતા નારજી;
આ સતીએ આપને સુધાર્યા, રીઝયા જગદાધારરે. મીત્રો.
મીત્રો મારા આવો જાઓ, કુસંગ મેલ્યો કાઢીજી;
શેઠ શેઠાણી સુખમાં દહાડા, કાઢવા લાગ્યાં ત્યાંયરે. વીનતી ઉર ધારીજી.
કુસંગ ગયો ઘરમાંથી સઘળો, સંપ વધ્યો ઘર માંયજી;
પ્રભુ ઇચ્છાથી સવિતા સતીને, પુત્ર જન્મ્યો એકરે. કૃપા કાંઈ કીધીજી.
આ રીતથી શેઠ તણું જોડું, સુખી હમેશાં થયુંજી;
સદગુણી સ્ત્રી તણો દાખલો, સવિતાએ આપ્યો આંયરે. કૃપા કાંઇ કીધીજી.

પુષ્કર.

ગઝલ.

આપી રાજ્ય તો નળને, ગયા વીરસેનજી સ્વર્ગ;
થયો સેનાપતી પુષ્કર, અરે ઉમંગથી પોતે.
ચલાવે રાજ્ય નળરાજા, પુષ્કર ભાઇ છે સાથે;
રામનું રાજ્ય કહેવાતું, હતું સવ તેમને માથે.
યશસ્વી યશ તો ગાવા, દઇને નામ તો નળનું;
થયું છે નામ પ્રખ્યાતી, અરે સઉ દેશમાં નળનું.
સૂણી ખ્યાતી બધે નળની, અદેખાઇ પુષ્કરે કીધી;
સઉ આ રાજ્ય છોડીને, ફકીરી તેણે તો લીધી.
ગયો છોડીને નળરાજા જંગલે વાસતો કીધો;
સુખેથી જીંદગી ગાળું, મનેં વીચારતો કીધો.
પડેલી શલ્યા પથ્થરની, તેને બેઠકો ધારી;
નીચેથી ગંગતો વહે છે, નીર્મળ જેનું છે વારી.
વરૂના પત્રો જે હાલે, ઉડાડે વાય નોકરો;
મનસ્વી રાજ્ય માનીને, થઇ બેઠા તે નફકરો.
નળને બારણે હાથી, અમારે બારણે શીંછો;
નળને બારણે ઘોડા, અમારે બારણે સીંહો.
નળને બારણે ઝાનાર, અમારે કોકીલા સારી;
અમારા રાજયની માંહે, કદીએ થાયના ચોરી.
નળને ત્યાં પલંગો છે, અમારે પૃથ્વી છે સારી;

અમારા રાજ્યની ઉપર, નહી કોઇ કરે સ્વારી.
નળના ચાકરો જેવા, અમારે તરૂઓ તેવા;
નહી લેવા અને દેવા, મજો જમવા સદા મેવા.

અભીમાન મુકવા વીશે.

મદન પડયો કુંડેરે.

ભજન કરો ભાવથી (૨)
ધન દોલત સુત તાહરા, નહી કોઈ કામના;
માબાપ વહાલી અને, સગાંજ છે નામના. ભજન.
આજ કે કાલે જશે, ચાલીશ સાડે છે જવું;
સંસાર જાળમાં ફસીને, શાને ખુવાર થવું. ભજન.
મેડી મંદીર અને માળીયાં, કોઇ કામના નહી;
મરણ પછી આપણા, પડી રહેવાના અહી. ભજન.
ભગવાનને જેઓ ભુલી, માયા મહી વસ્યા;
સંસાર કપટ જાળમાં, આવીજને ફસ્યાં. ભજન.
અભીમાન કેરે કારણે, રાવણ રણમાં રોળીઓ;
ભક્તી કેરા પ્રભાવથી, પ્રહલાદ ઉગરીઓ. ભજન.
માટે મુકી અભીમાન, માનવી સમજજો નરનાર;
ચમન વીનવીને કહે, ચીતામાં થાવું ખ્વાર. ભજન.

ફકીરી હાલ ધાર્યો છે.

ગઝલ.

દીધી છોડી સગી માતા, દીધો છોડી સગો ભ્રાતા;
દીધી છોડી અરે વહાલી, ફકીરી હાલ ધાર્યો છે.
જવું છોડી સગાં વહાલાં, જવું મુકી બધો પૈસો;
નહી કો સાથરે આવે, ફકીરી હાલ ધાર્યો છે.
હરીના નામની માળા, અમોએ હાથ ધારી છે;
હવે તે કંઠમાં ઘાલી, ફકીરી હાલ ધારીને
ન પરવા હું કરૂં ઘરની, ન પરવા કોઇ પ્રાણીની;
ફરૂં હું એકલો જંગલ, ફકીરી હાલ ધાર્યો છે.
જવું છે એક દીન ભાઇ, નહી કો સાથ તો આવે;
સગાં વહાલાં જશે બાળી, ફકીરી હાલ ધાર્યો છે.
ભમે છે કાળ અમ માથે, કોદીન આવીને ઝડપે;
છુટું હું તે થકી હાથે, ફકીરી હાલ ધારીને.
વીષયના મોહમાં પેઠો, સદા સંસારમાં બેઠો;
હવે પય પ્યાલો તો પીધો, ફકીરી હાલ ધારીને.
અમે કફની સદા ધારી, અમે ખાખો લગાવી છે;
અમોએ ભેખ ધાર્યો છે, ફકીરી હાલ મારો છે.
સ્મરણુ તો ઇશનું કરીએ, સદા ગોવીંદને ભજીએ;
હરીને તો સદા રટીએ, ફકીરી હાલ મારો છે.

ઇશ્વર સ્તુતી.

હરીગીત.

ઓ ઇશ્વ તું જગદીશ, વીનતી માહરી સ્વીકારજે;
સઉ પાપીઓના પાપ કાપી તેમને ઉદ્ધારજે.
સંસારના સમુદ્રમાં નરનારીઓ ફસાય છે;
ભકતી તણી નૌકાવડે, ભવસાગર તરાય છે.
અભીમાન મોહમદને મુકી, ભકતી આધીન જે થાય છે;
સૌ પાપ તેનાં બળી જઇ, ભવસાગર તરાય છે.
મન માન મુરખ મુરખા, શાનેજ તું શોષાય છે;
શાને પડી પ્રેમ પાસમાં, શાનેજ તું પસ્તાય છે.
નહી ધન તારૂં માલ તારાં, મેડી મંદીર માળીયાં;
રાવણ સરીખા રાજવી, મુકી સઉને ચાલીયા.
કાયારૂપી આ પીંજરૂં, જીવ પોપટ છોડી જશે;
ખાલી પડી રહે પીંજરૂં, જીવ પોપટ ઉડી જશે.
કાયા અરે કહું છું તને, ભકતી કર ભગવાનની;
શાને કરે દરકાર તું, કહું છું ફના સંસારની.
શાને ભુલ્યારે મુરખા, શાને ફુલ્યો અભીમાનમાં;
જાઉં પડે સઉને અરે, ડંકો થતાં દરબારમાં.
ચમન વીનવીને કહે છે, લાલ શાને થઈ ફરો;
વ્યાપી રહે કાળ હ્રદયમાં, સમજુ કંઈ સમજણ ધરો.

પરસ્ત્રીનો સંગ તજવા વીશે.

સાંભળજો સજ્જન નરનારી એ રાગ.

શીખ સર્વને જે કંઇ કહીએ, તે સઉ ઉરમાં ધરજોજી;
શીખ દેવાને લાયક નથી હું, પણ એ શબ્દો કહીએરે. શીખ સઉ સુણ.
સ્ત્રી સમાગમ ઝાઝો ના કરવો, એકાંતમાં નવ વસીએજી;
એકાંત વાસમાં મોટમોટા તો, કામને તાબે થાયરે. શીખ.
મરજાદાથી બોલવું હમેશ, ચાલવાની રીત તેવીજી;
કામને કોઇએ જીત્યો નથી, માટે ચેતવું મન વીચારીરે. શીખ.
કંસ અને રાવણ સરીખા, ગયા મુકીને રાજજી;
કીચક અને દુર્યોધન મરાણા દ્રોપદી કેરે કાજરે. શીખ.
પરસ્ત્રી માત સમાની માનો, જેવી આપણી તેવીજી;
વીષય કુપની માંહે પડીને, શાને ગણાવો વ્યભીચારીરે. શીખ.
પરસ્ત્રી સાથે સંગ કરીને, ઘરની વીસારી મુકોજી;
દુષ્ટરાયનો દાખલો લઇને, પરસ્ત્રી સંગને છોડોરે. શીખ.
નહી મુખ પર મુચ્છ તેને, તુછ તેટલી જાણોજી;
નહી નાર છેડી સાર કોઇ પામો, નાગણ નાર પ્રમાણોરે. શીખ.
બેકર જોડી વીનતી કરૂં છું, શીખ રૂદેમાં ધરજોજી;
મોટા નાના ગરીબ તવંગર, પરસ્ત્રી સંગને તજોરે. શીખ.

પ્રાર્થના.

જળકમળ છાંડીજાને બાળા એ રાગ.

ભક્તો સદા પાળજે પ્રભુ, વીઠલ ચઢજો વારરે (૨)
રાવણને તેં રોળીઓ, આપ્યું વીભીષણ રાજયરે
પ્રહલાદને ઉગારીઓ, તેં સ્થંભથી નીરવાણરે. (ભકતો ને)
ચંડાળોના મુખ થકી, તેં ચંદ્રહાસ ઉગારીઓ;
ધ્રુવને અવીચળ આપી, પોતાનો કરી સ્થાપીયો. ભકતો.
પાંડવાને સહાય કરીને, સત્યને તેં વારીયું;
અધર્મનો નાશ કરીને, અભીમાન ઉતારીયું. ભકતો.
દ્રોપદીને સહાય કરીને, ચીર તેનાં તેં પુર્યાં;
કીચકને તો તેં હણ્યો, સતીજની વારે ચઢ્યા. ભકતો.
બેઉકર જોડીને કહે છે, વીનવી ચમનલાલરે;
ગાય શીખેને સાંભળે, તેને હરી કરશે સહાયરે. ભકતો.

જીવને શીખામણ.

હરીગીત.

અવની પરે આવીને, જીવડા સાર્થક તેં શું કર્યું;
ફસી અને જંજાળમાં, પરમાર્થ તેં કાંઈ નવ કર્યું.
નવકરી ભક્તી ભગવાનની, શાને હવે શોશાય છે;
રે સમજ મન કાંઈ જીવડા, શાને હવે પસ્તાય છે.
નહી ધન આવે સાથ તારી, માળીયાંને મેડીઓ;
દુર્લભ મનુષ્યા દેહ પામી, ભવફેરા નવ ટળ્યો.

મારૂં મારૂં તું કરે, તારૂં નથી કંઇ જાણુજે;
ફુલીશ નહી અવની વીશે, અભીમાન ઓછો આણુજે.
આવ્યા છીએરે એકલા, જાવાનું નક્કી એકલા;
રહીએ છીએરે એકલા, રહી શું કહું છું એકલા.
ચમન વીનવીને કહે, કોઇ સાથ ન આવે આપણી;
દુનીઆ મહીં સજ્જન સમજજો, છે ઘડીની છાંયડી.

બિલ્વ મંગળ.

ગઝલ.

કરીને શ્રાધ પીતૃનું, જમાડી બ્રાહ્મણો સર્વે;
થયો તૈયાર જાવાને, અરે ચીન્તામણી દ્વારે.
તીમીર તો મધ્યની છાયી, મંગળ કાંઈ નવ ભાળે;
ઠોકરો ખાતો તે આવ્યો, નદી કેરી અરે પાળે.
હતું મડદું પડેલું ત્યાં, ધારી તેણે તો હોડી;
નદીની પાર જાવાને, કરી તેણે હવે ઘોડી.
નદીમા પુર આવેલું, સરીતા જોરથી વહેતી;
અરે ચીન્તામણીના નામની, માળા કરે લીધી.
જપે છે નામ તો મુખથી, સદા મનમાં રટણ તેનું;
નથી મંગળને કંઇ ભાન, પોતાનીજ દેહીનું.
અરે મડદા થકી તે તો, તર્યો કહું હોશથી સરીતા;
દીઠા તારા પ્રકાશેથી, અરે વળી મહેલ માળીયાં.
વળી એક આગીઓ બેઠો, અરે બારી તણા દ્વારે;

મુક્યો છે દીપ વહાલીએ, અરે મુજ પ્રેમને કાજે.
વળી એક સર્પ લટકે છે, ભેરવી ચુડ પાટડીએ;
મંગળે દોર સમજીને, ઝાલ્યો તે ઝડપ દઈને.
ગયો તે બારી ઓળંગી, સુતી ચીન્તામણી જ્યાંહી;
જગાડી કર ઝાલીને, પ્રતિમા પ્રેમની તેની.
ઝબકીને જાગી તે ઉઠી,અરે દુષ્ટ આવ્યો તું ક્યાંથી;
દીપક મુક્યો તમે દ્વારે, ભુલ્યાં કંઇ બાન કહો પ્યારી.
વળી એક દોર બાંધ્યો છે, ઉતરવાને મુકી હોડી;
અરે અહીં આવતાં મંગળને, કહું વાર થઈ થોડી.
ઉઠી ચીન્તામણી ત્યારે, બતાવો દીપક હોડી;
અરે વળી દોર કહે ક્યાં છે, કહે લાવ્યોજ છું કોડી.
નથી કોડીજ મમ પાસે, નથી ખાવા અને પીવા;
અરે ઘરતો સદા છોડયાં, સદા ગુણ તાહરા ગાવા.
ઉઠીને બારીએ આવ્યા, અવાજેથી પતંગ ઉડયો;
જુએ છે દોર પાટડીએ. અરે ત્યાં સર્પતો હાલ્યો.
ગયા જોવા હવે હોડી, દીઠું ત્યાં શબ બ્રાહ્મણનું;
અરે ચીન્તામણી બોલી, કરોને દહન આ શબનું.
જુઓ દીપક તમારો ક્યાં, કહો વળી દોરતો ક્યાં છે;
અરે શબની કરી હોડી, થયા છો પ્રેમને તાબે.
ભુલ્યા છો ભાન પ્રેમેથી, પીને વળી પ્રેમનો પ્યાલો;
તણાયા હોત ગંગામાં, ઉગરવાનો નહી આરો.
વળી તમે દોર સમજીને, ઝડપથી સર્પને ઝાલ્યો;
કરડયો હોત જો તે તો, પ્રભુ પદનેજ તું પામ્યો.

ભુલ્યો તું ભાન પ્રેમેથી, સદા આ ડાઘ તો રહે છે;
કંચન જેવી કાયામાં, સદા આ ડાઘ તો રહેશે.
પવીત્ર તુજ કાયામાં, કદાપી ડાઘ જો પડશે;
પ્રભુનું નામ જપવામાં, સદા એ ડાઘ તો નડશે.
અરે મંગળ વધ્યો વાણી, થયો મન શુદ્ધ હું શાણી;
થયો છું ભાઇ તારો હું, તને મુજ બેન તો જાણી.
લઇને ભેખ ત્યાંથી તે, ગયો ગીરનારને પહાડે;
વળી ચીન્તામણી આવી, લઇને ભેખ નીજ સાથે.
ગુરૂ સોમી ગીરી કીધા, ચરણ સ્પર્શ તેમના કીધા;
ગુરૂએ પુન્યના ભાવે, બેહુને ભક્તીવશ કીધા.
પડયા છુટા અરે બન્ને, પ્રભુની માળ જપતાતા;
મંગળ આવીને અટકયો, કુવે જળ નારીઓ ભરતા.
દીઠી એક શેઠાણી અમૃત, રૂપે ચીન્તામણી જેવી:
મુને સાધુ બનાવીને, રહી તે તો હતી તેવી.
અરે પાણી ભરી ચાલી, શીરપર ગાગર ધારી;
અરે પુંઠ મંગળે તેની, લીધી ચીન્તામણી ધારી.
ગયાં શેઠાણી તો ઘરમાં, મંગળ ઓટલે બેઠો;
હ્રદય ચીન્તામણી ધારી, ભજન તેનું મુખે કરતો.
શેઠાણી બહાર આવીને, અતીથીને પૂછયું પ્રીતે;
વદો શાની ખરો ઇચ્છા, કરીશું આપની રીતે.
વીષયની વાસના તેથી, મંગળ મનમાં હરખ્યો;
વચનથી મંગળે બાંધી, સ્પર્શ શેઠાણીનો માગ્યો.

હવું મન શુદ્ધ શેઠાણી, વીચાર્યું મન વીશે શાણી;
અતીથી ઘર વીશે લીધો, શીખામણ આપવા સારી.
બીછાવીને પલંગ સારો, અતીથી ત્યાંજ બેસાડયો;
ગારો છાણ માટીનો, બનાવીને તળે નાખ્યો.
પહેરી સ્વેત સાડીને, અમૃત ભેટવા આવી;
પલંગની પાસ આવીને, ગારાની ઉપરે બેઠી.
વચન ત્યાં બીલ્વ તો બોલ્યો, સાડીએ ડાઘ તો પડશે;
ઉઠો આવો અરે પાસે, હ્રદયનો ભેટો તો મળશે.
અરે એ સાડીના ડાઘો, કદાપી ધોએથી ટળશે;
અરે આ કર્મના ડાઘો, કદાપી ના કહું ટળશે.
થયું છે જ્ઞાન મંગળને, ભુલો આ નેત્રની ધારી;
મંગાવ્યા બેજ સોઇઆઓ, વજના લાલ તપાવી.
અજાણે અમૃત શેઠાણી, તપાવી સાઇઆ લાવ્યા;
મંગળે આંખની માંહે, ખરે ખોશીજ તે ઘાલ્યા.
હવે નજરે નહી ભાળું, પ્રભુનું નામ હું જાપુ;
કર્યા છે નેત્રો મેં ન્યારાં, પ્રભુનું ધ્યાન હું ધારૂં.

દુખી પંખીનાં જોડાં.

સુરતાની વાડીના મીઠા મોરલા.

સુખનો સુરજ આજે ઉગીઓ,
કરતાં વનમાં સઉ કલ્લોલજો;

કોઇને નડવાં નહી,
અમ ઉરમાં વાધે હર્ષ જો. સુખનો.
જોડાં સદા સુખી હવાં,
લાવી હોંશે વનફળ ખાયજો;
ચરવા સઉ સાથે જતાં,
સાંજે ચારો જુદો ખાયજો. સુખનો.
રાત્રે સઉ ભેગાં મળે,
કરી વાતો કરે કલ્લોલજો;
સઉ માળે પાછાં ફરે,
સૂઇ જાય પોતાને સ્થાનજો. સુખનો.
સાથે સઉ પાણી પીએ,
વળી નાહચે સરોવર માંયજો;
માળે સુખેથી પાછાં ફરે,
સંપી જંપી રહે સઉ સાથજો. સુખનો.
આનંદથી સંપી રહે,
દુખ મનમાં કદી ના હોયજો:
પ્રીતેથી પડદો ખોલતા,
સંપી રહીને કરે કલ્લોલજો. સુખનો.
પ્રભાતે ઉઠે હોંસથી,
ખાઈ જાએ વનફળ કોયજો;
બાળક જાપતાં જોઇને,
ખાયે પુરજોસથી તેયજો. સુખનો.

કુદરતે જોડાં મેળવ્યાં,
સુખ દુખના ચાલ્યા દીન અપારજો;
કર્મ સંજોગે જુદાં પડયાં,
દાવાનળ સળગ્યો વનની માંયજો. સુખનો સુરજ આજે આથમ્યો.

અમદાવાદનું વર્ણન.

અલબેલુંરે અમદાવાદ, શોભા છે સારી.
પાટણ હતી રાજધાની પહેલી, પછીથી અમદાવાદરે;
અહમદશા બાદશાહે વસાવી, પાડયું અમદાવાદ.
શોભા છે સારી.
કરણાવતી નગરી કહેવાતી, હાલ અસારવા ગામરે;
આચારજીની બેઠક ત્યાં છે, મહા પ્રભુજીનું ધામ.
શોભા છે સારી.
વળી શીવજીનું મંદીર ત્યાં છે, જે નીલકંઠ કહેવારે;
શ્રાવણ વદ અમાસને દહાડે, મેળો ત્યાંનો ભરાય.
શોભા છે સારી
તે દહાડે લોકો ઉજાણી, ભેગા મળીને જાયરે;
જમ્યાં પછી મેળો જોઇને, સૌ વાવો જોવા જાય.
શોભા છે સારી.
વાવજ તો જે દાદા હરીની, સૌથી મોટી કહાયરે;
મહુમુદ સૂલતાનની આયાએ, હરીએ બંધાવી ત્યાંય.
શોભા છે સારી.

ચંદન પથ્થરની તે તો બાંધી, સાત કોઠાની કહાવેરે;
હિંદુસ્તાનમાંથી નરનારી, તે તો જોવા આવે.

શોભા છે સારી.

મહમુદે બે ઝાંઝર આપ્યાં, કિંમત નહી અંકાયરે;
એક ઝાંઝરની વાવ બંધાવી, બીજું નાખ્યું માંય.

શોભા છે સારી.

અસારવાનું સ્ટેશન સામે, ગાડી ત્યાંથી જાયરે;
અમદાવાદ સ્ટેશનથી ઉપડે, પ્રાંતીજ લાઈન કહેવાય.

શોભા છે સારી.

અમદાવાદનું સ્ટેશન મોટું, ગાડીઓ આવેને જાયરે
મુંબઇ મદ્રાસ કલકતા, વળી કાઠીઆવાડ જવાય.

શોભા છે સારી.

સ્ટેશનની જ્યાં બહારજ આવ્યાં, મકાન મોટું જોયુંરે;
મકાન તે ગરીબોને માટે, રેવાબાઇએ બાંધ્યું.

શોભા છે સારી.

પાછળ તેની મારકીટ મોટી, કાપડની કહેવાયરે;
મસ્કત વાળા શેઠે તે તો; બંધાવી છે ત્યાંય.

શોભા છે સારી.

ત્યાંથી પાંચકુવા દરવાજે, સીધા ચાલો જઇએરે;
પાંચકુવા નજીક આવેલા, આપણુ તે તો જોઇએ.

શોભા છે સારી.

ત્યાંથી સીધા માણેક ચોકમાં, પૂછે પત્તો મળશેરે;
રણછોડભાઇના ફૂવારાથી, નીચે વળવું પડશે.
શોભા છે સારી.

માણેકચોક છે શહેરની મધ્યે, માણેક નાથનું સ્થાનરે;
મશાણીઆ હનમાન બીરાજે, હતું ત્યાં સ્મશાન.
શોભા છે સારી.

પહેલાં નદી ત્યાં આગળ વહેતી, હતો પ્રવાહ શહેરમાંયરે;
બાદશાહે તે કાઢવા માટે, રચવા માંડયા ઉપાય.
શોભા છે સારી.

માણેકનાથ બાવા ત્યાં રહેતા, કહેતા કરવા ઉપાયો ભંગરે;
મારૂં નામ કાયમ રાખોતો, નીશ્ચે ખશશે ગંગ.
શોભા છે સારી.

સુલતાને સોગન આપીને, નદી ખસેડી આઘીરે;
તેની નજદીકમાં બાદશાહે, જુમામસીદને બાંધી.
શોભા છે સારી.

તદન પથ્થરની તે તો કહાવે, નકસીનું છે કામરે;
મુજફ્ફરશાહે તે બધાવી, ખરચી ને બહુ દામ.
શોભા છે સારી

વચમાં હોજ ફૂવારા સાથે, વળી નકસી દેખાયરે;
હાથ પગ મોં ધોઈ મુસલમીન, નીમાજ પડવા જાય.
શોભા છે સારી.

બાદશાહને રાણીના હજીરા, શહેરની વચમાં આવેરે;
સવાર સાંજને મધ્ય રાત્રીએ નોબત ત્યાંતો વાગે.
શોભા છે સારી.

આગળ ત્રણ દરવાજા આવે, ત્યાંથી ભદ્ર દેખાયરે;
ભદ્રકાળીમા દેવળ માંહે, હાજરા હજુર જણાય.
શોભા છે સારી.

એ કિલ્લો ભદ્રનો કહેવાયે, ટોચે એક ઘડીઆળરે;
એ ઘડીઆળ તણા તો ડંકા, શહેર વીશે સંભળાય.
શોભા છે સારી.

ભદ્રકાળીમાતા ઉભા છે, મંદીર કેરી માંયરે;
ચાર ભુજે આયુધ ધારેલાં, તેને લાગો પાય.
શોભા છે સારી.

રવીવારે દરશનને કાજે, આવે ઘણા નરનારીરે;
મેળો માતાની આઠમે થાયે, વ્યાઘ્રની છે સ્વારી.
શોભા છે સારી.

નજીકમાં પોસ્ટ ઓફીસ આવી, વળી કોરટ કેરાં મકાનરે;
કારંજનો બાગ સામો આવ્યો, ત્યાં કાળંજનું છે મકાન.
શોભા છે સારી.

ખરો કારંજે પાછળ આવે, બાદશાહી તે છે મકાનરે;
એ મકાનમાં હોજ હતો ત્યાં, બેગમો કરતી સ્નાન.
શોભા છે સારી.

પોસ્ટ ઓફીસ વાળા મકાને, પહેલી હતી ત્યાં જે
ભદ્રકાળીનું ચોગાન મોટું, સૌ કરે છે સ્હેલ.
શોભા છે સારી.

કારંજના મકાનની પાછળ, શુક્રવાર ભરાયરે;
પરગામી લોકો લેવાને, ત્યાં તો ભેગા થાય.
શોભા છે સારી.

હોલ પ્રેમાભાઇ પાસે આવ્યો, ભાષણ ત્યાંજ અપાયરે;
મોટા મોટા વિદ્વાનોના, ભાષણ ત્યાંજ અપાય.
શોભા છે સારી.

ત્યાંથી સીધા લાલ દરવાજા, ત્યાં તો જરૂર જવું પડશેરે:
ઉત્તમ કોતરણીના નમુના, ત્યાંથી નજરે પડશે.
શોભા છે સારી.

ત્યાંથી સીધા દરવાજે દીલ્લી, વળી જવાય કાંપની માંયરે;
રસ્તામાં હઠીભાઇની વાડી, જોવા જઇશું માંય.
શોભા છે સારી.

હઠીભાઇએ વાડી બંધાવી, વળી દેવળ બાંધ્યા અનેકરે;
વીશાળ જગ્યા વીશાળ મકાનો, જોવા નાવે છેક.
શોભા છે સારી.

હવે સીધા શાહીબાગનો રસ્તો, કમીશ્નર કેરૂં સ્થાનરે;
બીમનાશના આરે જઇને, કરવું શરીવા પાન.
શોભા છે સારી.

શેઠ ચીનુભાઈ કેરો બંગલો; નદી તીરે આવેલોરે.
કમીશ્નરની ઓફીસ જોવા, શાહીબાગમાં ચાલો.
શોભા છે સારી.

ત્યાંથી આગળ કાંપનો રસ્તો, જ્યાં લશ્કર સઘળુ રહે છે રે;
આગળ પાછળ ગોરા લોકે, મહાવીર વચ્ચે વસે છે.
શોભા છે સારી.

મહાવીર કેરાં દર્શન કરીને, રસ્તો લઈશું બીજોરે;
સ્ટેશનનો રસ્તો બતલાવો, કોઈને પૂછીશું સીધો.
શોભા છે સારી.

સાંભળતાં મીલ ઘણા અવાજે, કાલુપુર આવી ઉભારે;
નવા પુલની બાંધણી જોઈને, જઈશું ત્યાંથી સીધા.
શોભા છે સારી.

દવાશાળા એક મોટી દેખી, થયું જોવા કેરૂં મનરે;
સી, આઈ. ઈ. સાહેબે બંધાવી, છોટાલાલના ધન.
શોભા છે સારી.

સરદારસરે એક બાગ બંધાવ્યો, આપી પીતાનું નામરે;
માધુબાગ તે તો કહેવાયે, પરચીને બહુદામ.
શોભા છે સારી.

રાયપરનો દરવાજો પૂછી, ત્યાંથી કાંકરીએ જવાયરે;
વચમાં અનાથ આશ્રમ આવેલું, જોવા જઈશું ત્યાંય.
શોભા છે સારી.

બાલશંકર ભાઇએ બંધાવ્યું, હતા સુધારક એકરે;
હીંદદેવીઓ માત તું મારી, આપને રત્નો અનેક.
શોભા છે સારી.

થોડે દુર ત્યાંથી ચાલીને, ડાબે હાથે વળજોરે;
કાંકરીયાનો રસ્તો બતલાવો, જાણીતાને પુછજો.
શોભા છે સારી.

સીધી સડકે ચાલતાં ચાલતાં, દૂરથી કાંકરીયું દેખાયરે;
હોડીવાળાને પૈસો આપી, જઇએ વાડીમાંય.
શોભા છે સારી.

વાડી નગીનાતે કહેવાયે, જાણે પાણી ઉપર મહેલરે;
શોખીન સજ્જન ત્યાં પધારે, કરવાને બહુ સ્હેલ.
શોભા છે સારી.

અંદર હોજ ફૂવારા સાથે, ઓળંગી બહાર આવોરે;
કુવા અંદર પંપ મુકેલો, તે જોવાને પધારો.
શોભા છે સારી.

દંત કથા એવી ચાલે છે, એક ભુત ત્યાંતો રહે છે રે;
જેવા શબ્દો બોલે તેવા, સામા તે તો દેછે.
શોભા છે સારી.

કાંકરીયું કુતુબે બંધાવ્યું, કોઇ કહે સીદ્ધરાજરે;
તે પણ હું નક્કી નથી કહેતો, વાંચક કરજો વીચાર.
શોભા છે સારી.

ત્યાંથી નીકળી આગળ ચાલ્યા, જ્યાં આવે મેદાનરે;
બળીઆ કેરી બાધા માને, તે બળીયાનું સ્થાન.
શોભા છે સારી.

ડાબા હાથે વળવું પડશે, થોડે દુર પછી જઇનેરે;
શાહઆલમના રોજો પૂછીને, ત્યાં જઈ ઉભા રહીએ.
શોભા છે સારી.

શાહઆલમનો રોજો જાવાનો, વીચાર મારો થાયરે;
ભોમીયો કોઈ મુસલમીન, લઇને જોવા જઇએ માંય.
શોભા છે સારી.

શાહઆલમ બાદશાહે બંધાવ્યો, નકશીનું બહુ કામરે;
શાન્તપણે તો રાજ્ય ચલાવ્યું, મહીમાં રાખ્યું નામ.
શોભા છે સારી.

કોતરકામ બહુ જોવા જેવું, જોતાં આનંદ થાયરે;
ઓરસનો દહાડો આવે છે, જોવા જઇશું ત્યાંય.
શોભા છે સારી.

ત્યાંથી ચાલો સીધા જઇએ, જ્યાં ચંડોળા તળાવરે;
ખેતીના ઉપયોગને માટે, પાણી ત્યાંથી અપાય.
શોભા છે સારી.

તળાવ મોટું એ શહેરની બહારે, વચ્ચે ટેકરી દેખાયરે;
દંતકથા એવી ચાલે છે, પૈસો તેની માંય.
શોભા છે સારી.

જો કોઇ તે કહાડવાને જાએ, ભમરા ઉડે છે ત્યાંયરે;
કાનખજુરા વીંછી સર્પો, નીકળે તેની માંય.
શોભા છે સારી.

ત્યાંથી સીધા પાછા ફરજો, જ્યાં આસ્ટોડીઆ દરવાજારે;
નાકાં હવે તો ઉઠી ગયા છે. રંગારા રહે ઝાઝા.
શોભા છે સારી.

જવું હવે તો બાગની માંહે, રસ્તો પૂછો કોઇનેરે;
ઢાળની પોળેથી સીધા ચાલો, કોલેજોને જોઇને.
શોભા છે સારી.

સ્ત્રીઓ તણી કોલેજને જોઈ, સામે છે લાયબ્રેરીરે;
પંકાશમાં પુરૂષની કોલેજ પ્રેમચંદ ભાઇએ બાંધી.
શોભા છે સારી.

આગળ મકાન મીશનનું આવ્યું, ત્યાંથી બાગ જવાયરે;
મહારાણીના નામ ઉપરથી, વીક્ટોરીઆ તે કહેવાય.
શોભા છે સારી.

સદ ગ્રહસ્થોને શોખીન સજનો, અમદાવાદના કહાવેરે;
સાંજ સવારે આ બાગ અંદર, ફરવાને તે આવે.
શોભા છે સારી.

અંદર એક બાવલું મુકેલું, પુન્ય પવીત્ર તે બાઇરે;

મહારાણી વીકટોરીનું એ, જોઇને થાય નવાઇ.
શોભા છે સારી.

બીજુ બાવલું ફૂવારા સાથે, ફીરોજ બોલનું કહાવેરે;
ડાકટર નાણાવટીના વનનું, એ જો જો જઇ ભાવે.
શોભા છે સારી.

બાગની શોભા જોઇ કરીને, ત્યાંથી સીધા ચાલોરે;
એલીસ બ્રીજનો પૂલ ઓળંગી, કોલેજને જોઈ આવો.
શોભા છે સારી.

મીત્ર મારાને ત્યાં ઉતાર્યો, તો પાણી દીઠું નળમાંયરે;
એ પાણી કયાંથી આવે છે, જોવા જઇશું ત્યાંય.
શોભા છે સારી.

અરવલ્લીના ડુંગરમાંથી, નીકળે નદીનો પ્રવાહરે;
સાબરમતી નદી તે કહેવાયે, અમદાવાદની પાસ.
શોભા છે સારી.

કુવા તેમાં તો ખોદેલા, દુધેશ્વરનું સ્થાનરે;
વોટર વર્કસનું મકાન જોયું, થોડે દુર સમશાન.
શોભા છે સારી.

ટાંકીઓ એક હવે બાંધીને, પાણી ભરે તે માંયરે;
એંજીનથી કુવામાંથી ખેંચી, આપે શહેરની માંય.
શોભા છે સારી.

રણછોડ ભાઇએ તે બંધાવ્યું, હતા તે, સી, આઈ, ઈરે;
મીલ વણો ઉધ્યોગ તે લાવ્યા, ખર્ચી પરમાર્થે કમાઇ.
શોભા છે સારી.

નદી ઓળંગી ત્યાંથી સીધા, આવો વાડજ ગામરે;
સરખેજનો રસ્તો બતલાવો, જવું છે સરખેજ ગામ.
શોભા છે સારી.

સરખેજના રસ્તે જાતાંતો, કારખાનું દેખાયરે;
પાણીને ત્યાં ઠારી બરફને, બનાવે બારે માસ.
શોભા છે સારી.

કારખાનાને જોઈ કરીને, ત્યાંથી સીધા ચાલોરે;
ત્રણ માઈલના રસ્તે જાવું, ગાડી ભાડે કરાવો.
શોભા છે સારી.

ભાડાની ગાડી કરીને, સરખેજ મધ્યે આવ્યારે;
સરખેજનો રોઝો જોવાને, આજ અમે અહીં આવ્યા.
શોભા છે સારી.

દરવાજામાં સીધા ચાલો, જોડા ઉતારી માંયરે;
ચાર પગથીયાં ઉપર ચઢીને, આવો કબર છે જ્યાંય.
શોભા છે સારી.

નકશી કામ છે જોવા જેવું, જોવાં નાવે પારરે;

સાંકળ રૂપાની શાને લટકે, સંભળાવો મહીમાય.

શોભા છે સારી.

દંતકથા એવી ચાલે છે, સાંકળ લટકે નીચેરે;
ચોરો તેને લેવા આવ્યા, ગેવડી બળી તે ઉંચે.

શોભા છે સારી.

રોજો જોઇને પાછા ફરતાં, જોયું સરખેજ ગામરે;
વળાવ રોજા આગળનું જોયું, ને જોયાં ખંડેર વમામા.

શોભા છે સારી.

સવ હવે તો જોઈ રહ્યાને, પાછા હવે ફરશુંરે;
સંધ્યાકાળનો સમય થયો છે, ઘેર જઇ વાળું કરશું.

શોભા છે સારી.

જોયું ઘણું તોયે અમદાવાદ, રહ્યું જોવાનું બાકીરે;
સ્વામીનારાયણના મંદીર માંહી, જવું સમયને તાકી.

શોભા છે સારી.

ધર્મગુરૂ સહેજાનંદ સ્વામી, આવી અમદાવાદરે;
સંવત ઓગણીના સૈકામાં, બાંધ્યું તેણી ઠામ.

શોભા છે સારી.

શોખીન સજ્જનો હવે વિચારો, જોયું અમદાવાદરે;

રીચીરોડની સડકે જાવું, ફરવા સંધ્યાકાળ.

શોભા છે. સારી.

સીનેમેટોગ્રાફ ત્યાં આવેલા, જોવા લોકો જાયરે;

વગર જીવના પુતળાં જોઈને, ગુણ સહુ તેના ગાય.

શોભા છે સારી.

નાટક શાળાઓ આવેલી, વળી ઘણી લાયબ્રેરીરે;

દવાશાળા મફત આપે છે, દવા સૌને સારી.

શોભા છે સારી.

વાંચકને વીનંતી કરૂં છું, લખ્યું રાખી દીલ સાફરે;

ભુલ ચુક રહી ગયેલી વાતો, વાંચક કરજો માફ.

ચમન વીનવી કહે છે.

મેઘ રાજાને વિનંતી.

રાગ. રાજ અવસર શો આવીયો.

પ્રભુ વરસાદ ન આવીયો, કેર કાળો વરતાવીયો.

ઘાસ ચારો ન થાય (૨) ઢોર ભુખે મરી જાય;

એણે પ્રાણીનો શોષ પડાવીઓ. પ્રભુ વરસાદ.

ખેડુત ખાશે શું અંન, (૨) એવું વીચારે મન;
કાળે સરજનારે ઉપર આવીયો. પ્રભુ વરસાદ.
ખેડુત જુએ છે વાટ, (૨) ઉભા ખેતરનીમાંય;
કોસ જોડીને કુવો ચલાવીયો. પ્રભુ વરસાદ.
ખુટયા કુવાના નીર, (૨) ખેડુત ધારે તેમ ધીર;
દુખ સહુને માથે તે તો લાવીયો. પ્રભુ વરસાદ.
દહાડે ધમધોર થાય, (૨) રાત્રે તારા દેખાય;
જીવ જીવ્યા સર્વના તે લાવીયો. પ્રભુ વરસાદ.
વીજળી કરે ચમકાર, (૨) થાય ભારે ગગડાટ;
એણે કોળથી સહુને ડરાવીયો. પ્રભુ વરસાદ.
મોર કરે ટૌકાર, (૨) મેડક કરે ડ્રચકાર;
પાણી વીના મનજનો મરો થયો. પ્રભુ વરસાદ.
ગાજ વીજ ઘણી થાય, (૨) વનરાજ મરી જાય;
જાણે શત્રુ બરોબરીઓ આવીયો. પ્રભુ વરસાદ.
ચાતક કરે વીચાર, (૨) નહીં વરસે વરસાદ;
પૃથ્વી પ્રલય તણો સમય આવીયો. પ્રભુ વરસાદ.
વિનંતી સુણો ઇંદ્રરાજ, (૨) બેઉ કર જોડી લાગુ પાય;
આથી પ્રાણી માત્રનો મરો થશે. પ્રભુ વરસાદ.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનારનાં નામ.

૧૦૧ શેઠ. સકરાભાઇ સાંકળચંદ.
૫૧ શેઠ. સુરેન્દ્રભાઇ કાળીદાસ.
૨૭ શા. કેશવલાલ ચકુભાઇ.
૨૫ શેઠ. બીઠલદાસ મોહનલાલ.
૨૫ ડાકવાલા. ચંદુલાલ જમનાદાસ.
૨૫ રતુબાઇ ખરસેદજી કારંજાવાલા.
૧૧ મી. રમણુલાલ.
૧૦ મગનલાલ મનસુખરામ.
૧૦ મકીમ. રામપ્રસાદ હરીલાલ.
૮ નરીમાન એદલજી.
૮ અ. સો. લા.
૬ પા. મોહનલાલ અંબારામ.
૫ શેઠ. અજીતસીંહ: મણીભાઇ.
૫ શા. મનુભાઈ ડાહ્યાભાઇ.
૫ શા. ચીનુભાઈ મોહનલાલ.
૫ શા. બુધાભાઈ મંગળદાસ.
૫ જમનાદાસ મનસુખરામ.
૫ લક્ષ્મણુલાલ ગીરધરલાલ.

૫ શા. લાલભાઈ દોલતરામ.

૫ શા. હીંમતલાલ આણંદજી.

૫ શા. માણેકલાલ ત્રીકમલાલ.

૫ દવે. પોપટલાલ જીવરામ.

૫ રમણુલાલ આણુંદલાલ.

૫ શા. ભોગીલાલ રતનલાલ.

૫ શા. બાબુભાઈ કાળીદાસ.

૫ રણછોડલાલ ચુનીલાલ.

૫ ફીરોજશા. ખરસેદજી કારંજાવાલા.

૫ શા. રતીલાલ કેશવલાલ.

૫ શા. ત્રીકમલાલ ચકુભાઈ.

૫ શા. છોટાલાલ ચુનીલાલ.

૫ નાદરશા નવરોજજી.

૫ ભાવસાર. મનસુખરામ.

૫ રા. રા. દયારામ.

૪ જરબાઇ એદલજી પટેલ.

૩ શેઠ. ખરશેરજી.

૩ શા. માણેકલાલ કચરાભાઈ.

૩ શા. સારાભાઇ ડાહ્યાભાઈ.

૩ શા. ભોગીલાલ મણીલાલ.

૨ એરચશા. લાલકાકા.
૨ હોરમસસા પે. માસ્તર.
૨ શા. નગીનદાસ મણીલાલ.
૨ શા. ભોગીલાલ બાલાભાઇ.
૨ શા. ચમનલાલ ચુનીલાલ.
૨ શા. ચંદુલાલ જેઠાલાલ.
૨ દારાશા બરજોરજી કારંજાવાલા.
૨ શીરીનબાઈ કામા.
૨ હોરમસજી દારૂવાલા.
૨ દારાશા લાયર.
૨ શા. પોપટલાલ લલ્લુભાઇ.
૨ સ્વામીનારાયણ રતીલાલ જેઠાલાલ
૨ શા. વાડીલાલ મનસુખરામ.
૨ શેઠ. નરહરીભાઇ કાલીદાસ.
૨ શા. મનુભાઇ લાલભાઈ.
૨ શા. ચીનુભાઇ જેસીંગભાઇ.
૨ જાદવરાય હરીલાલ.
૨ મી. એરૂલકર.
૨ મી. સાસ્રી.
૨ શા. સી. જી.

૧ દવે હરીપ્રસાદ નાથાલાલ.

૧ સંઘવી બાલુભાઈ કમળશી.

૧ શા. મોહનલાલ છોટાલાલ

૧ શા. મંગળદાસ ત્રીભોવનદાસ

૧ શા. મણીલાલ કેશવલાલ.

૧ અંકલેશ્વરીઆ. ભુરાભાઈ મુળચંદ.

૧ લકી રૂસ્તમજી રત્નાગર.

૧ ગુલચર રૂસ્તમજી.

૧ ગુલબાનુ ધનજીશા લાલકાકા.

૧ ચી. કમળકાન્ત દીવેટીઆ.

૧ શા. કુલચંદભાઈ મગનલાલ.

૧ શા. માણેકલાલ પ્રેમચંદ.

૧ શા. સારાભાઈ સાંકળચંદ.

૧ શા. મણીલાલ જગજીવન.

સુરત સંગ્રામનો વડો યોદ્ધો.

૨૩ " વીર્યસ્તંભન "

(નપુંસકોનો કટો દુશ્મન.)

શુદ્ધ વનસ્પતિના યોગથી બનેલી ગોળીયો હોવાથી સ્ત્રી તથા પુરૂષો બંન્નેને સેવન કરવા લાયક છે, તેમ સ્ત્રીઓની જતી ધાતુને એકદમ અટકાવી જઠરાગ્ની પ્રદીપ્ત કરવાનો અકસીર ઇલાજ છે તેમ નીચેના રોગો ઉપર પણ રામબાણ નીવડી છે.

(૧) સંસાર સુખ ભોગવવાને અશકત થયેલા પુરૂષોને શક્તિ આપે છે. (૧) વીર્યને સુધારી નપુશક પણાને દૂર કરે છે. (૩) હસ્ત ક્રિયાથી થયેલી નબળાઇ તેમ અતી સ્ત્રી સંગથી થયેલા ધાતુ ક્ષય નાશ કરવામાં અત્યુત્તમ છે. (૪) ધાતુ દોષથી કમી થયેલી યાદ શકતીને તાજી કરવામાં અને ગ્નાન તંનુઓને ઉત્તેજન કરવામાં એકકો નીવડી છે, (૫) સ્ત્રી પુરૂષોને ઉમ્મરે આવ્યા પછી જે ધાત જાય છે, અને તેથી જે કમતાકાદ આવે છે તેને મઠાડેછે. (૬) મુત્ર માર્ગના તમામ વ્યાધી જેવા કે પ્રમેહ (પરમો) મુત્રકૃચ્છ મધુપ્રમેહ (મીઠો પરમો) તેમ સ્ત્રીયોના તમામ જાતના પ્રદર (લોહી વા) વગેરે ઉપર સારો ફાયદો આપે છે. (૭) શૃંગારની વાતોથી, મનોહર સ્ત્રી દર્શનથી, હાસ્યવિનોદ વીગેરે કારણોથી થતો વીર્યપાત કમરનું દુઃખવું, પેશાબમાં જતી ધાતુ વીગેરે રોગોને દુર કરી વીર્યવૃદ્ધિ કરવાનો ઉત્તમ ગુણ ધરાવે છે. તેમજ સદરહુ ગોળીયો ઝાડો. સંગ્રહણી, શ્વાસ, કાસ, વગેરે રોગોને તુરત દુર કરી આરામ કરે છે, સેવનાવધિ સવાર સાંજ અકકેકી ગોળી પાચન થઈ શકે તેટલા ઉકાળેલા દુધ સાથે લેવી. કરી કાંઈ નહી. કીમત શીશી ૧ ના રૂ. ૧-૦-૦

આબરૂદાર એજન્ટો જોઈએ છીએ.

દર્દીઓને આશિર્વાદરૂપ નીચેની દવાઓ.

મહાત્મા તરફથી મળેલી પ્રસાદીને આધારે ખાસ અનુભવથી અને ઘણી મહેનતથી નીચે લખેલા દરદોની દવાઓ બનાવેલી છે તેના વખાણ કરવા તે ચોખા સોનાને ઓપ કરવા જેવું છે.

ફકત ગરીબોને મફત અને ગૃહસ્થો પાસેથી ધર્માદા ખાતે શકતી મુજબ લેવામાં આવશે.

સંગ્રહણી–(મુંબઈના પાણીથી અગર બીજા કારણથી થઈ હોય તે.

લકવો યાને **પક્ષાઘાત**---કોઈપણ જાતનો વા.

નસોની કમતાકાતી યાને **નામરદાઈ.**

દમ, હાંફ, શ્વાસ વગેરે.

ભગંદર વધરાવળ યાને **રસનું ઉતરવું.**

(બંને વાઢકાપ કર્યા વગર.)

હીસ્ટીરીયા યાને **વઈ** અગર **મીરગી.**

બચ્ચાંને થતી વરાધ ભરાઈ જવું. વીગેરે વીગેરે.

ઝામરવા—માથાના વેગ—આધાશીશી.

ફકત આંખમાં અંજન કરવાથી કાયમની વેદના મટે છે.

એક ગોળીની શીશીની કીંમત રૂ. ૧) ટપાલ ખર્ચ જુદું.

શા. વાડીલાલ મોતીલાલ પાલખીવાળા.

એલ. ટી. એમ. મીલ મેનેજર. ઠે. લુણસાવાડે—**અમદાવાદ.**

જવાબ સારૂ ટીકીટ બીડવી.